======================================================

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૫, અમદાવાદ**

======================================================

**<u>ક્રિમીનલ કેસ નં. 91751 / 21</u>**

**ફરીયાદી :-** શ્રી સરકાર

વિરૂધ્ધ...

આરોપી :- જાવેદખાન ઈકબાલખાન પઠાણ

**ગુનોઃ- ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩ મુજબ...**

**<u>ચુ કા દો</u>**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ભા.દંડ સંહિતાની કલમ-૨૮૩ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

(૨) આ ગુનાના કામે આરોપી હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની નકલો આપી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપી ગુનાની કબુલાત કરે છે અને અલાયદી કબુલાત પુરસીસ આપે છે. જે કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ ખાત્રી કરતાં સદર કબુલાત સ્વૈચ્છીક અને કોઈ પણ દબાણ કે ધાક ધમકી વગર કરેલાનું જણાતાં આરોપીને તેની સામેના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) એફ.આઈ.આર., ચાર્જશીટ તથા તેની સાથેના કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપીની કબુલાત તથા આરોપી તરફે થયેલ રજુઆત જોતાં તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં, આરોપીનો આ પ્રથમ ગુનો છે, તેમજ હવે પછી આવો ગુનો નહી કરે તેવી ખાત્રી આપે છે, આરોપી ગરીબ વર્ગના માણસ છે અને ગુનો કર્યા અંગે પસ્તાવો તેમજ અફસોસ થાય છે, તેમ જણાવી દયાની અરજ ગુજારેલ છે. વધુમાં તમામ સંજોગો જોતાં આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા કારણો

અને સંજોગો છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. તેથી આરોપીની કબુલાત અને દયાની અરજ ગ્રાહ્ય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે, તેવું મારૂં માનવું છે. તેમજ કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોર્મેટીવ) હેતુને ધ્યાને રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧. આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ–૨૮૩ ના ગુના માટે દોષિત ઠરાવી **રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)**નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન –૨ (બે) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**(એ. આર. પટેલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
(**Code No.**GJ00710)

અમદાવાદ.
તા.૧૧/૦૯/૨૦૨૧